# ❀ કૈલાશબાની ભૂરી ભેંસ (એક સત્ય ઘટના) ❀

આકાશની સામે જોયું..

ચાંદલીયા અને ચંદ્રમાની જગ્યા પરથી  રોજનો ઉઠવાનો સમય નક્કી હોય....

ઘડિયાળ ઘરમાં હોય પણ ગામડાની પ્રકૃતિને વરેલા લોકોનો આ નિતનો અનુભવ એટલે સમય માટે ઘડિયાળની જરૂર પડે નહીં. ઉઠવાનો  સમય થઈ ગયો. કૈલાશબા જાગી ગયા. કૈલાશબાનો નિત્યનો ક્રમ, વહેલા જાગી, ભગવાનને યાદ કરે, પછી મોઢામાં દાતણ નાખી, હાથમાં કતેડું , કતેડામાં ખોણ નાખીને, ઘરથી એકાદ કિલોમીટરની અંતરે ખેતર અને ખેતરમાં વાડો અને વાડામાં ભેંસો બાંધી હોય, ત્યાં જઈને છાણ વાસીદુ કરવાનું, દાતણ કરીને ભેસો દોહીને ઘરે પાછા આવવું. પાછળને પાછળ કાકા પણ આવ્યા હોય.

કાકા એટલે કૈલાશબાના  પતિ..(પસાભાઇ).માખી મચ્છરનો વધારે ત્રાસ હોય ત્યારે ભેંસને એક બાજુ કપડાથી પંખો નાખવો પડે, બીજી બાજુ ભેંસ દોવાય..... પહેલા કૈલાશબા ખેતરમાં પહોંચી,  છાણ... વાસીદુને  દાંતણ પાણી પતાવે ત્યાં સુધી કાકા પણ આવી જાય અને ભેંસને દોવડાવીને પોતે દૂધ ભરાવી આવે.

તે વખતનું કલોલ આટલું વિસ્તરેલું ન હતું. પંચવટી વિસ્તાર તો જાણે જંગલ કે ખરાબો જોઈ લો. એકલદોકલને જતા બીક લાગે તેવું.... કાકા કલોલ ગામમાં રહે. ત્યાંથી હાઈવેથી પેલી સામે બાજુ તેમના ખેતરો અને ત્યાં જ તેમનો વાડો. હાઈવે પર આજના જેવો વિશાળ નહીં અને ત્યાં આજુબાજુનો વિસ્તાર પણ બહુ વસવાટ વગરનો. કલોલ ગામમાંથી બંને પતિ પત્ની વારાફરતી ખેતરના વાડામાં આવે. સવારે ભેંસ દોહી લેવાનું અને દૂધ ભરાવાનું પહેલું કામ પછી બીજા બધા કામ.

આજે કૈલાશબા રોજના સમય મુજબ આકાશ ભણી  જોઈને સમયનું એંધાણ કરી જાગી ગયા. કતેડામાં ખોણ નાખતા જ છીંક આવી.... બે મિનિટ બેસી રહ્યા...... કંઈક અઘટિત બનવાના મનમાં વિચારો આવે છે પણ મનમાંથી શંકાને ખંખેરી કૈલાશબા ખેતર તરફ નીકળ્યા. વાડામાં પહોંચ્યા તો ત્યાં જ કૈલાસબેન હૈયામાં ફાળ પડી....

દશ હજાર રૂપિયા ખર્ચતા ના મળે એવી હાથી જેવી કૈલાસબાની ભૂરી ભેંસ દેખાઈ નહિ.....

ઘડીક થયું કે ખીલેથી છૂટીને ક્યાંક ચરતી હશે....!!!  બધે નજર કરી પણ ભેંસ દેખાય નહીં... ભેંસ ન દેખાતા કૈલાશબાના આંખમાં આંસુ આવી ગયા. રોવાનું બંધ થાય નહીં... ભેંસો તો તમે ઘણી હતી પણ આ ભેસ તમે ખૂબ વ્હાલી હતી. ક્યારેય વટકે નહીં અને દોતી વખતે એવી તો ઊભી રહે..... જાણે ..... સતાધારના શામજીબાપુનો  પાડો ઊભું ન હોય.....!!!! ક્યારેય પૂંછડુય ના મારે... અને પેલી ચાંદલી  ભેંસ  તો કેટલુંય હેરાન કરે ત્યારે માંડ દૂધ કાઢે.... પણ ભૂરી તો ભૂરી... તેની તોલે  કોઈ ના આવે એવી જીવથીય વ્હાલી..... ભૂરીને કોઈક લઈ ગયું..... પછી કૈલાસબાથી કેમ રહેવાય..?  ખીલોએ બરાબર હતો... અને સાંકળ પણ તોડી લાગતી નથી એટલે પાકો અંદાજો આવ્યો કે કોઈ કળયુગનો  રાક્ષસ મારી દીકરી જેવી ભેંસને ઉપાડી ગયો...... અરેરે ક્યાં હશે મારી ભૂરી..?

એટલામાં કાકા આવ્યા.

કૈલાશબાને રડતા જોઈ અંદાજ આવી તો આવી ગયો.... જાણીને પોતે પણ થોડા મુંજાયા.... સવાર થઈ ગયું. બરાબર અજવાળું પણ થયું. હવે બેસીને પાલવે નહીં. પહેલા તો કાકાએ આજુબાજુના ખેતરમાં તપાસ કરી કે ક્યાંક હોય... પણ ખાલી હાથે પાછા ફર્યા.  કૈલાશબા રડે. કાકા તેમને સાંત્વન આપે છે, 'ગમે તે કરશું..આકાશ પાતાળ એક કરીને  પણ ભેંસને શોધી લાવશું... તું  ચિંતા ના કરીશ...

ભેંસની શોધ ખોળ શરૂ થઈ.....

આમ કરતા કરતા બે દિવસ વીતી ગયા.... કૈલાશબાએ તો કેટલીય માનતાઓ માની..... કેટલી આખડીઓ...... કેટલાય ભુવાઓની પાસે જોવડાવ્યું.... મારી ભૂરી પાછી આવે તો આમ કરું.... તેમ કરું..... જે જે બાધા રાખી તે કાગળમાં લખી રાખી. કદાચ ભૂલી જવાય તોય ના સારું. ખાલી ખોટું માતાજીના નામનું દુઃખ ઘરમાં આવે..... એટલે માનતાઓ માની તે બધી કાગળમાં લખી રાખે....

કૈલાશબા નિરાશ થઈ ગયા... હવે મારી ભૂરી નહીં મળે....... મારી હાથીની જેવી ભૂરી ક્યાં હશે??? તેને કોઈ ખવડાવતું હશે કે નહીં ??? તેને ટાઇમે પાણી પાતું હશે કે નહીં...??? આટલા દિવસથી ભૂરી તું જતી રહી છે... ??? લઈ જનારાને ભેટું મારી.. ખીલો તોડીને... કેમ પાછા નથી આવી રહેતી..?? કેટ કેટલાય વિચારો કૈલાશબાના મનમાં ચાલ્યા કરે છે. કૈલાસબાની દીકરીઓએ પણ રોકકળ કરી મૂકી. ભૂરી ખોવાઈ જાણે... કોઈ સ્વજન ભગવાનના ઘરે વહાલું થયું ન હોય !!!!!! તેવી રોકકળ મચી ગઈ.

કાકા બધાને હૈયા ધરપત આપે છે.....

કાકાએ પણ ભૂરીને શોધવા આકાશ પાતાળ એક કર્યા. ગામના જુવાનીઓને સાયકલો ભાડે લાવીને આપી. કલોલની આજુબાજુ દરેક ગામે ગામ જુવાનીયાઓ ફરી વળ્યા. કાકાએ નહીં હોય તો બે હજારનું ભાડું સાયકલની દુકાનવાળાને ચૂકવ્યુ હશે... ભૂરીને શોધવા.... કોઈ કસર બાકી રાખી નથી...પોલીસમાં પણ ફરિયાદ કરી આવ્યા. એમ કરતાં કરતાં સાત સાત દહાડાના વાણા વાયા પણ ભૂરીનો તો કોઈ અત્તો પત્તો નથી.

કૈલાસબાના મનનું દુઃખ કોણ સમજી શકે?

કોઈ કહે ફલાણા દેવની માનતા રાખો. તો તે રાખી લે. કોઈ ફલાણા માતાજીની ચુંદડી માનો તો તેમ કરે... કોઈ કહે પેલા ગામના ભુવો છે તે બધું જોઈ આપે છે તો ત્યાં પહોંચી જાય. કેમ કે એમ કરતા મારી ભૂરી પાછી આવે.

એક દિવસની વાત છે. કોઈએ કહ્યું, ' કસબામાં જાવ એક પીરબાબા છે. દોરો કરી આપે છે. ગમે તેવું જનાવર ખોવાયું હોય તો પીરબાબાના દોરાથી પાછું આવ્યું ન હોય તેવું આજ સુધી બન્યું નથી'.....

એવી વાત સાંભળી કે કૈલાશબાને નવું એક આશાનું કિરણ મળ્યું... તે તો કસબામાં પીરબાબાને ઘરે પહોંચી ગયા. પીર બાબાએ મંત્રીને દોરો આપ્યો. કહ્યું કે, 'આ દોરો લઈને સીધા જ ખેતરમાં પહોંચી જવાનું... ક્યાંય નીચે બેસવાનું નહીં કે ક્યાંય દોરો હાથમાંથી નીચે મૂકવાનો નહીં.... સીધા જઈને વાડામાં ભૂરી ભેંસના ખીલી બાધી દેવો.. તારી ભૂરી જરૂર પાછી આવશે..આ પીર બાબાનો કોલ છે......જા...

કૈલાશબાએ મુઠ્ઠીમાં દોરો લેતાક દોટ મૂકી ખેતરના વાડા તરફ...

ઉનાળાના એ દિવસો માથે સૂરજનો તડકો અંગારા ઓકી રહ્યો છે. ગરમી કહે મારું કામ. પરસેવાથી તદ્દન નવાઈ જવાય તેવી કાળજાળ ગરમી. પણ આજે એવું બધું વિચારવાનો કૈલાશબાને ટાઈમ નથી. મારી ભૂરી પાછી આવે તો આવા આકાશના આકરા તાપે સાત વાર મારા ખેતરના વાડામાં આટાફેરા મારુ..... કૈલાશબાએ પગ ઉપાડ્યા.

હાઈવે ઝટપટ ઓળંગીને ખેતર તરફ વળ્યા.. તે સામેના બાવળના મોટા ઝાડ નીચે એક માજીને બેઠેલા જોયા...

ડોશીમાં પણ જાણે કૈલાશબાની રાહ જોતા ન હોય તેમ બેઠા છે!!!! કૈલાશબાએ દૂરથી ડોશીમાં સામે જોયું..

ચારણના જેવો તેમનો પહેરવેશ... 70 - 75 વર્ષની ઉંમર હશે... શરીરનો વાન એકદમ ગોરો.. ગોરો... અને ચામડી ચીમડાયેલીને કરચલી પડેલુ શરીર, છતાં સોહામણો લાગતો ચહેરો ..... ચહેરામાં કંઈક ઓજસ અને તરવરાટ હતો......

ત્યાં જ ડોશીમાએ સામેથી પૂછ્યું, 'બેટા આટલી ઉતાવડી શું કામ ચાલે છે??? ઘડીક અહી વિસામો ખા..

કૈલાસબાથી રડી પડાયું... " સ્ત્રીની જાતને, પેટમાં ન રહે વાત " બધી વિગતે વાત કરી.... છેલ્લે કહ્યું , ' આ પીર બાબાનો દોરો ખીલે બાંધવા જાઉં છું '....

ડોશીમાના ચહેરા પર એ જ લાલીમાં... એ જ... તેજ..... અને એ જ તાંજગી.

ડોશીમાં કહે, 'એક કામ કર ઘડીક બેસી બેસ પછી જા'...

" મારાથી બેસાય નહિ. પીર બાબાએ કહ્યું છે કે બેસવાનું નથી કે દોરો નીચે મુકવાનો નથી" .. કૈલાશબા ઉભા ઉભા કહ્યું .

ડોશીમા બોલ્યા, ' દિકરી તારી ભેંસ રાતનું અંધારું થાય તે પહેલા પાસે આવી જાય તો......??

તો તો તમારા જેવા ભગવાનેય નહી.. કૈલાશબા એ કહ્યું.

'હા.... હા ....અમારા જેવા તો ભગવાન ન જ હોય ને', !!!!! ડોશીમા બોલી ગયા.

વળી પાછા બોલ્યા, ' બેટા તે બાધા.. ફાધા... માનતા.. બાનતા રાખી છે કે નહીં?

હા... માં... માનતાઓમાં તો મેં કંઈ જ બાકી રાખ્યું નથી.... સાત સાત દાડા થઈ ગયા.. અન્નપાણી હરામ થઈ ગયા છે. છોકરીઓ પણ બિચારી રડ્યા કરે છે. એ પણ..( કાકા) થાકી ગયા. ભૂરી મારી પાછી ન આવી. ભૂરીને શોધવામાં કંઈ તમા બાકી રાખી નથી ,......એટલું બોલતા કૈલાશબા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા....

ડોશી બોલ્યા, ' બેટા રડ માં.. પણ તે પાલોદરની જોગણીની બાધા રાખી છે ખરી' 'ના ....બા.'.. કૈલાશબા બોલ્યા.

તો તો અત્યારે જ માનતા માન, પાલોદરની જોગણીની... અને સાંજ પડતા પડતા તારી ભેસ પાછી ન આવે તો કોઈ દેવને ન માનતી કે કોઈ દેવીનો દિવો ના કરતી.... બસ હવે તારે કંઈ કહેવું છે....???

'ના... મા...ના.. બસ મારે તો ભૂરી પાછી આવે.. એ જ જોઈએ.' કૈલાસબા કહ્યું .

'તો જા.. ઘરે પાછી જા ઘરે... જઈને પાણીયારે દીવો કરજે અને મનથી માનતા રાખજે. રાત પડતા પહેલા તારી ભેંસ પાછી આવશે'. માજી બોલ્યા.

'પણ આ પીરબાબાનો દોરો...... તેનું શું કરવું' ? ....?? કૈલાસબા એ પૂછ્યું.

'તું આને બાવળના થરે... બાંધી દે ...પાપ નહીં લાગે.... નિશ્ચિત થઈને ઘરે જા'... ડોશીમાં બોલ્યા.

કૈલાશબાના હૈયામાં ટાઢક વળી... દોરો બાવળના થળે બાંધતા....બાંધતા પૂછ્યું, ' માજી, આવી કાળજાળની ગરમીમાં તમારે ક્યાંથી આવવું અને ક્યાં જાવ છો ?

'અત્યારે તો હું છત્રાલ બાજુથી આવી છું પણ અમને ગરમી.. ફરમી.. ના નડે.... હવે તું તારે ઘરે જા.... પેટ ભરીને જમી લેજે.... અને તારી છોડીઓને પણ ખવડાવજે.'. ડોશી બોલ્યા.

ડોશીમાની વાત પર પૂર્ણ શ્રદ્ધા સાથે કૈલાશબા ઘર તરફ પગ પાછા વાળ્યા.. થોડીક દૂર જઈને પાછું જોયું પણ માજી ન દેખાયા... તેને થયું કે તે પણ ચાલી નીકળ્યા હશે.!!! ઘરે આવી પાણીયારે દીવો કર્યો.. મનથી માનતા માની કે રાત પહેલા ભૂરી પાછી આવે... તો હે ...પાલોદરના જોગણી માં... તારા આંગણે ચાલતી આવીશ... હું દર પૂનમે દર્શન કરીશ. સવારથી રઝળપાટ કરી કાકા ઘરે આવ્યા. કૈલાશભાઈ ખેતરમાં બનેલી સઘળી વાત કાકાને કહી.

કાકા કહે ... બરાબર છે... પણ આપણે શોધવાનું પણ ચાલુ રાખશું..... હું ખાઈ લઉં... પછી થોડોક આરામ કરીને નીકળું. કાકાએ ખાઈ લીધું. થોડો આરામ કરીને પાછી શોધ ખોળ આદરી બોરીસણા ચોકડીએ પહોંચ્યા.. ત્યાં કોઈ દૂધ વેચતો ભરવાડ સાયકલ લઈને સામો મળ્યો.

કાકાને મનમાં થયું કે લાવને આને પૂછું ? ...

'અલ્યા તું દૂધ લેવા બધે જતો હશે તે ક્યાંય આવી ભેશ જોઈએ છે ? એંધાણી આપી કે આવી ભેંસ મારી હતી.

ત્યાં જ દૂધવાળો ભરવાડ બોલ્યો, 'હા.. ભાઈ.. હા ...મેં બોરીસણા ગામમાં એક ઠાકોરના ઘરે ભેંસ જોઈ છે. તમે કહો છો.. તેવી જ અદલ તેવી જ છે. તેના ઘરે ભેંસ હતી નહીં પણ અઠવાડિયાથી દેખાય છે. એના ઘરની બાજુમાં ઢાળિયામાં બાંધી છે.

કાકા બોલ્યા, 'ભાઈ તું મારી સાથે આવ ને'.

" ના હું ના આવું, ઠાકોર માથા ભારે છે, મારું આવી બને." ભરવાડ બીતા બીતા બોલ્યો.

કાકાએ કહ્યું, ' તું ચિંતા ના કર. તું અમને દૂરથી ઘર દેખાડીને પાછો આવજે.'

ભરવાડી સંમતિ આપી. કાકાએ બે ચાર મિત્રોને તરત ભેગા કરી આપણી ભેંસ વેચાતી લેવી છે, તેવું તર્કટ કરી ભેસના ઘરાક બનીને ગયા. ભરવાડે તો દૂરથી ઘર બતાવી જતો રહ્યો. કાકા અને તેમના મિત્રો ઠાકોરના ઘરે ગયા. ઘરની બાજુમાં છાપરામાં ભૂરીને જોઈ. બરાબર ખાતરી કરી લીધી તે જ છે. ભૂરી.. તો કાકાને જોઈને ડાંભવા લાગી. ઠાકોર ઘરે ન હતો. ઘરે છોકરા હતા, પણ તેમને પઢાવેલા, કોઈને ઘરે આવવા દે નહીં, ઘરમાં પેસવા દે નહીં.

કાકાએ પૂછ્યું, 'અલ્યા તારા બાપા ક્યાં ગયા છે'? મારે ભેંસ લેવી હતી એટલે પૂછવા આવ્યા છીએ.'

છોકરા કહે. 'અમારે ભેંસ બેસ વેચવાની નથી. તમ તમારે ઘેર જાવ. મારા બાપુ તો બહારગામ ગયા છે.'

'સારું... સારું... તારા બાપા આવે એટલે આવશું' .કાકાએ કહ્યું.

કાકાએ આજુબાજુમાં પડોશીઓને પૂછ્યું તો કોઈ કહી દીધું. અઠવાડિયાથી લાવીને બાંધી છે. ક્યાંથી લાવ્યો? કહેતો નથી પણ લાવ્યો છે ખરો. હવે તો પાકું થઈ ગયું. કાકા તો ઠાકોરની આવવાની રાહ જોતા બેઠા. બહુ સમય પછી ઠાકોર દંપતી ઘરે આવ્યા.

કાકા તરત બોલ્યા, 'બોલ ભેંસ ક્યાંથી લાવ્યો છે' ?

ઠાકોર કંઈ બોલે એ પહેલા ઠકરાણા બાટકયા, 'તમારે શું કામ છે ?

કાકા કહે, ' ના જોઈ હોય તો મોટી કામવાળી !!! બેસ.. બેસ.. આ ભેંસ મારી છે. (ઠાકોર સામે જોઈ) તું ચોરીને લાવ્યો છે.?

ઠાકોર કહે, 'ના હું તો ફલાણા ગામથી વેચાતી લાવ્યો છું'.

કાકા કહે, ' સારું ત્યારે ...ચાલ અમારી સાથે જેની પાસેથી લાવ્યો હોય તેના ઘરે... અને હું પોલીસ પાર્ટીને સાથે લઈ લઉ. સાચું નીકળશે તો ભેસ તારી નકર, પાછળનું બધું કામ પોલીસ પાર્ટી સાંભળી લેશે'.

હવે ઠાકોરથી વધારે જૂઠું બોલાય તેમ ન હતું .પોલીસનું નામ સાંભળતા ઠકરાણા પણ હવે ટાઢા પડ્યા. ઠાકોર સાચું બોલી ગયા. રસ્તામાં ચરતી હતી એટલે લાવીને બાંધી છે. આ ગરીબ ઠાકોરના ઘરે ખાવાનું શું હોય ? ભૂરીને ખાવા પૂળાના સાઠા નાખેલા જોઈએ કાકાનો જીવ બળી ગયો. ઠાકોરને ઠપકો આપી જવા દીધો. કોઈકે સાયકલના ભાડાનો ખર્ચ અને ભેંસના દુધનો ખર્ચ ઠાકોર પાસેથી વસૂલાતની વાત કરી પણ કાકાએ ના પડી. બધા ભેંસ લઈને સીધા ઘરે આવ્યા.

ભૂરીએ જેવા કૈલાશબાને ભાળ્યા કે ભૂરી જોરથી ડાંભવા લાગી. સાત સાત દાડાના વિયોગ આજે પૂરા થયા. કૈલાશબાની આંખમાં હરખના આંસુડા આવ્યા. જોગણી માતાનો જય જયકાર થયો. ઘરમાં આનંદ થઈ ગયો. કાકાની છોડીઓ હરખઘેલી થઈ નાચવા કુદવા લાગી. આજે જાણે કોઈ ઉત્સવ ઉજવાતો હોય તેવું હર્ષ ઉલ્લાસ ભર્યું વાતાવરણ ઘરમાં થઈ ગયું. પડોશીઓ ભેગા થઈ ગયા. કૈલાશબાની ખુશીનો પાર નથી. દીકરી દેશાવરથી કેટલાય વર્ષે પાછી આવેને, માની આંખો ભીની થાય તેવું થયું. સાત દિવસમાં ભુરીનું શરીર લેવાઈ ગયું હતું.

પાલોદરની જોગણી ઉપર બંને દંપતિને પૂર્ણ શ્રદ્ધા બેસી ગઈ અને બીજા દિવસે ચાલતા જવાનું નક્કી થયું. કૈલાશબા બોલ્યા, 'હે...મા.... જોગણી... તમે ડોશીમાં બનીને દર્શન આપવા આવ્યા.... પણ હું તો અભાગી તમને ઓળખી ન શકી...... મને ત્યારે ખબર ન પડી.... પણ એમાં હવે મને ખબર પડી કે તું મને મળી.... વાત કરીને અદ્રશ્ય થઈ ગઈ.....

અને બીજા દિવસે એ બધા મિત્રો સાથે જોગણી માનો જય જયકાર કરતા પાલોદર જઈને માનતા પુરી કરી. પછી દર પૂનમે દર્શન કરવાનો નિત્યક્રમ રહ્યો... વર્ષો પછી ....આજે પણ શરીર સારું ન રહેતું હોવા છતાં બંને દંપતી દર પૂનમે માં ના દર્શન કરવા અચૂક જાય છે. દેવી શક્તિનો ચમત્કારનો આવો જીવતો જાગતો પરચો તો બીજો કયો હોઈ શકે ???

દેવી શક્તિ ગમે ત્યારે.... ગમે તેનું.... રૂપ લઈને આપણને મદદ કરે છે. તેના અસલ સ્વરૂપે ન આવે પણ ગમે તે સાકાર રૂપ લઈને આપણા કામ કરી જાય.. એવો વિશ્વાસ હોવો જોઈએ. કૈલાશબા આજે ખૂબ સુખી છે. આજે પણ તે દિવસને યાદ કરે છે તો કૈલાશબાની આંખો અચૂક ભીની થઈ થાય છે, કારણ ...**ભૂરીને કારણે ભગવતીનો ભેટો થયો.**

યા દેવી સર્વભૂતેષુ: શક્તિ રૂપેણ સંસ્થિતા:।
નમસ્તસ્મૈ: નમસ્તસ્મૈ: નમસ્તસ્મૈ: નમો: નમઃ॥

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.
(વૈશ્વિક જીવન દર્શની તા-20/07/2006)
" અંતરની એરણ થી "